સુબેદાર કમ્પાઉન્ડમાં ડ્રેનેજ લાઈન બેક મારતા દયનીય સ્થિતિ

અકોટામાં ઘરોમાં ફરી વળ્યું 'લાલ' કેમિકલયુક્ત પાણી: તીવ્ર દુર્ગંધથી રહીશો રસ્તા પર બેસવા મજબૂર

રહીશોએ ઘરોને તાળા માર્યા, વોર્ડ નં. ૧૨ના અધિકારીઓ સામે રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.12

શહેરના અકોટા વિસ્તારમાં આવેલી પોલીસ લાઈનની બિલકુલ સામે સ્થિત સુબેદાર કમ્પાઉન્ડ અને સોફિયા કોમ્પ્લેક્સમાં છેલ્લા બે દિવસથી ગટર લાઈન મારફતે લાલ રંગનું ભયાનક કેમિકલયુક્ત અને લોહી જેવું પ્રવાહી ઘરોમાં બેક માટી રહ્યું છે. સ્થાનિક રહીશોના બાથરૂમ અને ઘરોની અંદર સુધી આ રહસ્યમય લાલ પાણી ફરી વળવાના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ છે. આ અસહ્ય બદબૂ અને ગંદકીના કારણે લોકો માટે પોતાના જ ઘરમાં રહેવું અશક્ય બની ગયું છે, જેના પગલે કંટાળેલા સ્થાનિક રહીશો ઘરોને તાળા મારીને રસ્તા પર રહેવા મજબૂર બન્યા છે.

સ્થાનિક મહિલાઓ અને રહીશોએ તંત્ર પ્રત્યે પોતાનો ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગટર લાઈન બ્લોક થવાના કારણે કે બાજુમાં આવેલી વ્યવસાયિક દુકાનોના કારણે આ દૂષિત પાણી આવી રહ્યું છે તેની ચોક્કસ માહિતી નથી, પરંતુ આ સ્થિતિ એટલી ખરાબ છે કે ઘરમાં એક મિનિટ પણ ઊભા રહી શકાય તેમ નથી. નાના બાળકો અને પરિવારો ઘરની બહાર ફૂટપાથ કે રસ્તા પર બેસીને દિવસો પસાર કરી રહ્યા છે. આ ઘટના અંગે સામાજિક કાર્યકરો અને સ્થાનિકોએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું અને સ્થિતિની ગંભીરતા જોતા તુરંત જ વોર્ડ નંબર ૧૨ના જવાબદાર અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. સ્થાનિકોની માંગ છે કે તંત્ર જાગે અને આ ભયંકર બેદરકારી પાછળ કોણ જવાબદાર છે તેની તપાસ કરે. આ પાણી ક્યાંથી અને કેવી રીતે ડ્રેનેજ લાઈનમાં ભળ્યું તેની ઊંડી તપાસ થવી જરૂરી છે. વહીવટી તંત્ર અને વોર્ડ નંબર ૧૨ના ડ્રેનેજ વિભાગના અધિકારીઓ તાત્કાલિક ધોરણે આ સમસ્યાનું કાયમી નિવારણ લાવે અને ગટર લાઈનનું સમારકામ હાથ ધરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે, જેથી રોગચાળો ફેલાતો અટકાવી શકાય અને લોકોને રાહત મળે.

નબળી કામગીરી સામે રોષ, કાયમી સમારકામ નહીં થાય તો આંદોલનની ચીમકી

સ્માર્ટ સિટીમાં 'ભુવારાજ' યથાવત, બે વિસ્તારોમાં ભુવાઓથી અકસ્માતનો ખતરો

ફુલબારી નાકા ખાતે એક જ સ્થળે બે ભુવા, અકોટામાં ભુવામાં ઝાડ રોપી વાહનચાલકોને અપાઈ ચેતવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 12:

વડોદરા મહાનગરપાલિકાના પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ વચ્ચે શહેરમાં ભુવા પડવાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. સલટવાળા ફુલબારી નાકા અને અકોટા વિસ્તારમાં પડેલા મહાકાય ભુવાઓએ સ્માર્ટ સિટીના દાવાઓની પોલ ખોલી છે. બંને સ્થળોએ ભુવાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે ગંભીર અકસ્માતનો ખતરો ઊભો થયો છે, જેના પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ફુલબારી નાકા વિસ્તારમાં એક જ સ્થળે બે ભુવા પડતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ખાનગી અને સરકારી એજન્સીઓ દ્વારા વારંવાર કેબલ અને અન્ય લાઈનો માટે ખોદકામ કરવામાં આવે છે, પરંતુ બાદમાં રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં આવતું નથી. સામાન્ય વરસાદમાં જ રસ્તો બેસી જતાં ભુવા પડી રહ્યા છે. આ મુદ્દે સ્થાનિકોએ કોર્પોરેશનમાં અનેક વખત રજૂઆત કરી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી.

બીજી તરફ અકોટાના ઉર્મિ સર્કલથી પ્રેયાલક્ષ્મી મિલ રોડ તરફ જતા વ્યસ્ત માર્ગ પર ફરી એકવાર મોટો ભુવો પડ્યો છે. અગાઉ પણ અહીં સમારકામ કરાયું હતું, પરંતુ થોડા જ સમયમાં રસ્તો ફરી ધસી ગયો હતો. જોખમને ધ્યાનમાં રાખી સામાજિક કાર્યકર વિઠ્ઠલ આહિરે ભુવાની વચ્ચે ઝાડ રોપીને વાહનચાલકોને સાવચેત રહેવાનો અનોખો સંદેશ આપ્યો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે મહાનગરપાલિકાની નબળી કામગીરી, લોલમલોલ સમારકામ અને કોન્ટ્રાક્ટરોની બેદરકારીના કારણે દર ચોમાસે આવી સ્થિતિ સર્જાય છે. નાગરિકોએ જવાબદાર સામે કડક કાર્યવાહી કરી બંને સ્થળે કાયમી સમારકામ કરવાની માંગ કરી છે. જો વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહીં આવે તો પાલિકા કચેરીએ ઉગ્ર વિરોધ અને ઘેરાવ કરવામાં આવશે.

પિંગલવાળા ગામે ફરી દીપડો દેખાતા ગ્રામજનો ભયભીત

3 દિવસમાં બીજી ઘટના, વાછરડાનું મારણ બાદ વન વિભાગને ગ્રામજનોની તાત્કાલિક કાર્યવાહીની માંગ :

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ઢાઢર નદી કિનારાના ગામોમાં છેલ્લા કેટલાક દિવસથી દીપડાની અવરજવર વધી જતા ખેડૂતો અને ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. પાદરા-કરજણ વચ્ચે આવેલા પિંગલવાળા ગામે બે દિવસના ગાળામાં બીજી વખત દીપડો દેખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે.

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં 3 દિવસ પહેલા પિંગલવાળા ગામમાં દીપડાએ વાછરડાનું મારણ કર્યું હતું. જે બાદ વન વિભાગને જાણ કરવામાં આવી હતી. પરંતુ તંત્રની કોઈ નક્કર કાર્યવાહી ન થતા ગતરાત્રીએ ફરી એકવાર ગામમાં દીપડો દેખાયો હતો. દીપડાનો આ વીડિયો સ્થાનિકોએ મોબાઈલમાં કેદ કર્યો હતો જે હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ એકલી ઘટના નથી. તાલુકાના સંભોઈ ગામની સીમમાં પણ ગઈકાલે રાત્રીના સમયે ખેડૂતોને દીપડો દેખાયો હતો. ખેડૂતોએ તાત્કાલિક તેનો વીડિયો બનાવી વન વિભાગને મોકલી આપ્યો હતો. ઢાઢર નદી કિનારાના આ ગામોમાં છેલ્લા ઘણા સમયથી દીપડાની અવરજવર જોવા મળી રહી છે. વારંવાર દીપડા દેખાતા હોવાથી ખેડૂતો રાત્રીના સમયે ખેતરે જતા ડરે છે. બાળકો અને પશુધનની સલામતીને લઈને ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિકોએ વન વિભાગ પાસે તાત્કાલિક પાંજરા ગોઠવી દીપડાને પકડવાની માંગ કરી છે. સાથે જ રાત્રીના સમયે પેટ્રોલિંગ વધારવામાં આવે અને ગામોમાં જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

ધોલેરાના ઈન્ફ્રા.વિકાસ, ઔદ્યોગિક રોકાણો, સ્માર્ટ સિટી આયોજનની સમીક્ષા

વડોદરા : અધિરાજ બ્રોઘર ડેવલપર એલએલપીએ ધોલેરા એસઆઈઆરના રોજકા રોડ ખાતે તેના મહત્ત્વાકાંક્ષી 'ધ ક્રાઉન' પ્રોજેક્ટનું ભવ્ય ભૂમિપૂજન કર્યું હતું. કાર્યક્રમમાં લોકસભા સાંસદ મનોજ તિવારી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. સમારંભમાં રોકાણકારો, ઉદ્યોગપતિઓ અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભૂમિપૂજન પહેલાં મનોજ તિવારીએ બ્રોઘર રિયલ્ટીના સ્થાપક અક્ષય કુમાર અને અન્ય ડિરેક્ટરો સાથે હેલિકોપ્ટર દ્વારા ધોલેરા એસઆઈઆરનો હવાઈ સર્વે કર્યો હતો. સર્વે દરમિયાન વિસ્તારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, ઔદ્યોગિક રોકાણો, સ્માર્ટ સિટી આયોજન અને ભવિષ્યની વિકાસ ક્ષમતાની સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રસંગે અક્ષય કુમારે જણાવ્યું કે ધોલેરા વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મોટા પાયે થઈ રહેલા રોકાણોના કારણે દેશના અગ્રણી આર્થિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. સાંસદ મનોજ તિવારીએ પણ ધોલેરાના ઝડપી વિકાસની પ્રશંસા કરી હતી.

બેદરકારીથી બે અકસ્માત: એકને કારની ટક્કર, દંપતી બાઈક સ્લીપ થતાં ઘાયલ

ગોત્રીમાં પૂરઝડપે દોડતી કાર બાઈકને અડફેટે લેતા યુવક ઈજાગ્રસ્ત

ફતેગંજ સર્કલ પર રોડની ડસ્ટથી ફરી અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

વડોદરા શહેરમાં રવિવારે બેદરકારી અને માર્ગોની ખરાબ સ્થિતિને કારણે બે અલગ-અલગ અકસ્માતોની ઘટનાઓ સામે આવી છે. ગોત્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એચ.એલ. પાર્ટી પ્લોટ નજીક પૂરઝડપે દોડતી કાર બાઈકને ટક્કર મારતાં બાઈકચાલક ઈજાગ્રસ્ત થયો હતો, જ્યારે ફતેગંજ સર્કલ ખાતે રસ્તા પર પડેલી ડસ્ટના કારણે બાઈક સ્લીપ થતાં દંપતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ગોત્રી વિસ્તારમાં લાલાભાઈ શાહ રાત્રે વાસણા તરફથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે કાળા રંગની કાર પૂરઝડપે આવી તેમની બાઈકને ટક્કર મારી હતી. ટક્કર બાદ તેઓ રોડ પર પટકાતા છાતીમાં ઈજા પહોંચી હતી. ઘટનાસ્થળે કારના બ્રેકના નિશાન પણ જોવા મળ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં રાત્રે કેટલાક વાહનચાલકો પૂરઝડપે વાહનો દોડાવી સ્ટંટ કરતા હોવાથી અકસ્માતો વધી રહ્યા છે. તેમણે પોલીસ પેટ્રોલિંગ વધારવા, સ્પીડ બ્રેકર અને સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરી છે.

બીજી તરફ ફતેગંજ સર્કલ ખાતે રસ્તા પર વેરાયેલી કોરી ડસ્ટ અને કચરાના કારણે બાઈકચાલકે કાબૂ ગુમાવતા બાઈક સ્લીપ થઈ હતી. અકસ્માતમાં દંપતી ઘાયલ થતાં 108 મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે અગાઉ પણ આ જ સ્થળે અકસ્માત છતાં તંત્રએ સફાઈ ન કરતાં ફરી દુર્ઘટના સર્જાઈ છે. નાગરિકોએ તાત્કાલિક સફાઈ અને સુરક્ષાના પગલાં લેવા માંગ કરી છે.

ઝેરના મુવાડામાં બે વર્ષથી રસ્તો નહીં, પાણીની સુવિધા પણ અધૂરી!

(પ્રતિનિધિ) કાલોલ,તા.12

કાલોલ તાલુકાના ઝેરનામુવાડા ગ્રામ પંચાયત હેઠળ આવેલા વેચાણા ફળિયું અને મોટા કુવા વિસ્તારમાં છેલ્લા લગભગ બે વર્ષથી રસ્તાની સમસ્યા યથાવત રહેતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ કાચા અને બિસ્માર રસ્તાના કારણે નાના બાળકોને શાળાએ જવામાં ભારે હાલાકી પડે છે. બીમાર વ્યક્તિને હોસ્પિટલ પહોંચાડવાની જરૂર પડે ત્યારે પણ વાહનવ્યવહાર મુશ્કેલ બની જાય છે. વરસાદી મોસમમાં સ્થિતિ વધુ ગંભીર બની જતી હોવાનું ગ્રામજનો કહે છે.આશરે 50 જેટલા પરિવારો વસવાટ કરતા આ વિસ્તારમાં પાણી માટે બે ટાંકીઓ ઉભી કરવામાં આવી હતી અને પાઈપલાઈનનું કામ પૂર્ણ થયા બાદ ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું. જોકે ત્યારબાદ ટાંકી સાથે જોડાયેલી કેટલીક પાઈપો અને લોખંડની સીડી ચોરી થઈ જતાં પાણીની યોજના પણ અધૂરી હાલતમાં હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે.ગ્રામજનોનો આક્ષેપ છે કે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં રસ્તા અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓ અંગે કોઈ જવાબદાર અધિકારી કે તંત્રએ યોગ્ય પગલાં લીધાં નથી. જેના કારણે સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોની ચેતવણી છે કે જો વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહીં આવે તો તેઓ લોકશાહી ઢબે ઉગ્ર રજૂઆત કરવા મજબૂર બનશે.

સાગમા ગામે મળવા બોલાવી લોખંડના સળિયાથી માથામાં ફટકા માર્યા

પ્રેમ સંબંધનો કરુણ અંજામ : પાલેજની વિધવાની હત્યા કરનાર પ્રેમી ઝડપાયો

ગ્રામ્ય એલસીબીએ આરોપીને પકડી સ્થાનિક પોલીસને સોંપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.12

પાદરા તાલુકાના સાગમાં ગામ નજીક કેનાલમાંથી મળી આવેલી પાલેજની વિધવા મહિલાની લાશના રહસ્ય પરથી આખરે પોલીસે પડદો ઉઠાવ્યો છે. એસએસજી હોસ્પિટલમાં કર્મચારી તરીકે ફરજ બજાવતી પાર્વતીબેન નરેશભાઈ ઠાકોરની તેમના પ્રેમીએ જ લોખંડના સળિયાથી માથામાં ફટકો મારી નિર્મમ રીતે હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી દીધી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પાદરા તાલુકાના સાગમાં ગામ પાસેથી પસાર થતી કેનાલમાંથી થોડા દિવસો પહેલાં એક મહિલાનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી હતી. પોલીસે તપાસ શરૂ કરતાં મૃતકની ઓળખ પાલેજના રહેવાસી પાર્વતીબેન નરેશભાઈ ઠાકોર તરીકે થઈ હતી. તેઓ વિધવા હતા અને વડોદરાની એસએસજી હોસ્પિટલમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા.

ઘટનાસ્થળે મૃતકના ચહેરા અને માથાના ભાગે ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. પોલીસે ત્યાંથી હત્યામાં ઉપયોગમાં લેવાયો હોવાની આશંકા ધરાવતો લોખંડનો સળીયો કબ્જે કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલ્યો હતો. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. શરૂઆતમાં દુષ્કર્મની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી હતી, જોકે તેની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નહોતી.

પોસ્ટમોર્ટમ અને એફએસએલના રિપોર્ટમાં મહિલાના માથામાં લોખંડના સળિયાથી જીવલેણ ફટકો મારવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે હત્યાના ગુનાની દિશામાં તપાસ વધુ હાથ ધરી હતી. ગ્રામ્ય એલસીબી અને સ્થાનિક પોલીસની તપાસ દરમિયાન ખુલાસો થયો કે પાર્વતીબેનને સાગમાં ગામના મહેશ નામના વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ હતો. પોલીસ તપાસ મુજબ મહેશે પાર્વતીબેનને મળવા માટે સાગમાં બોલાવ્યા હતા. મુલાકાત દરમિયાન બંને વચ્ચે કોઈ કારણસર ઉગ્ર ઝઘડો થયો હતો. ગુસ્સામાં આવી મહેશે લોખંડના સળિયાથી પાર્વતીબેનના માથામાં જીવલેણ ફટકો મારી તેમની હત્યા કરી હતી. હત્યા બાદ ગુનાને છુપાવવાના ઈરાદે આરોપીએ પાર્વતીબેનના મૃતદેહને સાગમાં ગામ પાસેથી પસાર થતી કેનાલમાં ફેંકી દીધો હતો. ગ્રામ્ય એલસીબીએ ટેકનિકલ સોર્સના આધારે આરોપી મહેશને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી માટે પાદરા પોલીસને સોંપ્યો છે.

શ્રી નરહરિ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદો અનાજ કિટનું વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

શ્રી નરહરિ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા ભક્તિકુંજ, જગમાલની પોળ, માંડવી ખાતે યોજાયેલા માસિક સેવા કાર્યક્રમમાં 100થી વધુ જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કિટ તથા બહેનોને સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. વર્ષ 2003થી ટ્રસ્ટ દર માસની 12મી તારીખે આ સેવાકાર્ય નિયમિતપણે કરી રહ્યું છે.

કાર્યક્રમમાં આમંત્રિત મહેમાન તરીકે સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ (CGCTC)ના પ્રમુખ વિજય શાહ તથા ઈમિડિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ દીપક અમીન ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે લાભાર્થીઓને 5 કિલો ઘઉંનો લોટ, ચોખા, તુવેર દાળ, કઠોળ, ગોળ, મીઠું અને ગ્લુકોઝ બિસ્કિટ સહિતની અનાજ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ બહેનોને સાડીઓ પણ અર્પણ કરવામાં આવી હતી.

ટ્રસ્ટના પ્રમુખ મહેશકુમાર ટી. શાહે જણાવ્યું કે લાભાર્થીઓની પસંદગી સંપૂર્ણ ચકાસણી અને પારદર્શક પ્રક્રિયા બાદ કરવામાં આવે છે. અત્યાર સુધી મળેલી 162 અરજીઓમાંથી 100થી વધુ પરિવારોને સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટી શશિકાંત ભેડાવે ટ્રસ્ટને 10 ખુરશીઓ, બે ટેબલ અને પાણીનો જગ ભેટ આપ્યો હતો.

શહેરમાં વૃક્ષ ધરાશાયી થવાના ત્રણ બનાવોમાં વાહનવ્યવહાર ખોરવાયો, જાનહાનિ ટળી

માંજલપુર, અટલાદરા અને કલાલી રોડ પર વૃક્ષ પડતાં કારને નુકસાન, રસ્તાઓ થયા બંધ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

વડોદરા શહેરમાં રવિવારે અલગ-અલગ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાની ત્રણ ઘટનાઓ સામે આવતા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી ફરી ચર્ચામાં આવી છે. માંજલપુરના અવધૂત ફાટક, અટલાદરાની સ્વામિનારાયણ છાત્રાલય પાસે તેમજ અટલાદરાથી કલાલી તરફ જતા મુખ્ય માર્ગ પર વિશાળ વૃક્ષો ધરાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. સદનસીબે ત્રણેય બનાવોમાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ અકસ્માતની ગંભીરતા જોતા સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. માંજલપુરના અવધૂત ફાટક પાસે વ્યસ્ત માર્ગ પર અચાનક વૃક્ષનો મોટો ભાગ તૂટી પડતાં થોડા સમય માટે ટ્રાફિક સંપૂર્ણપણે બંધ કરવો પડ્યો હતો. ઘટનાના સમયે કોઈ વાહન તેની ઝપેટમાં આવ્યું ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. બીજી તરફ અટલાદરામાં સ્વામિનારાયણ છાત્રાલય નજીક મૂળ સહિત ઉખેડેલું વિશાળ વૃક્ષ પસાર થતી કાર પર પડતાં કારનો પાછળનો ભાગ ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયો હતો. જોકે કારમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

અટલાદરા-કલાલી માર્ગ પર પણ અંદાજે 40થી 50 વર્ષ જૂનું લીમડાનું વૃક્ષ અચાનક રોડ પર ધરાશાયી થતાં માર્ગની એક બાજુનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. સ્થાનિકોની જાણ બાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી કટર સહિતના સાધનોની મદદથી વૃક્ષ હટાવી માર્ગ ખુલ્લો કર્યો હતો.

સ્થાનિકોએ ફાયર બ્રિગેડની ઝડપી કામગીરીને બિરદાવી હતી, પરંતુ મહાનગરપાલિકા દ્વારા જોખમી વૃક્ષોની સમયસર કાપકૂપ અને ટ્રીમિંગ ન થતાં આવી ઘટનાઓ વધી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

નિ:સ્વાર્થ સેવા અને ગૌ ભક્તિનો સંગમ

વડોદરાની 'ગૌ રક્ષા સેવા સમિતી'નો ૧૩માં વર્ષમાં મંગલ પ્રવેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરની સેવાભાવી સંસ્થા 'ગૌ રક્ષા સેવા સમિતી' દ્વારા તાજેતરમાં પોતાની સ્થાપનાના ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવામાં આવ્યો હતો. આ વિશેષ અવસરને ગૌ ભક્તિ અને સેવાના રંગે રંગવા માટે ચોખંડી સ્થિત ઐતિહાસિક બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય 'ગૌ માતા પૂજન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લાં ૧૨ વર્ષથી વડોદરા શહેરમાં ગૌ રક્ષા અને માનવ સેવાનું અવિરત કાર્ય કરી રહેલી આ સમિતી સાથે આજે શહેરના ૧૫૦૦ થી વધુ ઉત્સાહી યુવાનો જોડાઈને સેવાના પથ પર આગળ વધી રહ્યા છે. ગૌ સેવા એ માત્ર એક કાર્ય નથી, પરંતુ સમિતીના દરેક કાર્યકર્તા માટે એક જીવનમંત્ર બની રહ્યો છે. સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, ગૌ માતાના આશીર્વાદ અને કાર્યકર્તાઓની નિષ્ઠાને કારણે જ અમે એક દાયકાથી વધુ સમય સુધી નિ:સ્વાર્થ ભાવે સેવા કરી શક્યા છીએ. માત્ર ગૌ સેવા જ નહીં, માનવ સેવા પણ. ગૌ રક્ષા સેવા સમિતીએ પોતાની કાર્યક્ષેત્રનો વ્યાપ વિસ્તારીને માનવ કલ્યાણના અનેક કાર્યો હાથ ધર્યા છે. જેમાં શહેરમાં જરૂરિયાતમંદ લોકો માટે મેડિકલ કેમ્પનું આયોજન, અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા જીવન બચાવવાનું કાર્ય, છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓ પહોંચાડવા અને ફોર્મ ભરવાની પ્રક્રિયામાં માર્ગદર્શન આપી લોકોને લાભ આપવા જેવા અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે.

માંજલપુર બજરંગદળ દ્વારા નિ:શુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન

અલવાનાકા ખાતે સેવા પ્રમુખ આદિભાઈ કટારિયા અને નરેન્દ્રસિંહ રાજપુરોહિતના માર્ગદર્શન હેઠળ સેવા યજ્ઞ સંપન્ન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨

માંજલપુર બજરંગદળ પ્રખંડ દ્વારા સ્થાનિક નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને આજે અલ્વાનાકા સ્થિત કોતર તલાવડી, ભાથુજી મહારાજ મંદિર પાસે એક ભવ્ય મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય જરૂરિયાતમંદ નાગરિકોને તેમના ઘર આંગણે જ નિષ્ણાંત તબીબો દ્વારા આરોગ્યલક્ષી પરામર્શ અને તપાસની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો હતો. કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી. તેમણે કેમ્પમાં આવેલા દર્દીઓની આરોગ્ય તપાસ કરી હતી અને બિમારીઓ અંગે સચોટ તબીબી સલાહ તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓએ ઉત્સાહભેર જોડાઈને પોતાના આરોગ્યની ચકાસણી કરાવી હતી. આ સમગ્ર કેમ્પનું આયોજન બજરંગદળના સેવા પ્રમુખ આદિભાઈ કટારિયા અને સેવા સહ પ્રમુખ નરેન્દ્રસિંહ રાજપુરોહિતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બજરંગદળના તમામ કાર્યકર્તા મિત્રોએ અથાગ મહેનત કરી હતી. સ્થાનિક નાગરિકોએ બજરંગદળની આ સરાહનીય પહેલને બિરદાવી હતી અને ભવિષ્યમાં પણ આવા લોકહિતના કાર્યો થતા રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

વડોદરામાં સૈયદી મુસનજીબિન તાજ સાહેબના ૪૬રમા ઉર્સ સંદલ શરીફની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

વડોદરા શહેરના પાણીગેટ દરવાજાની બહાર આવેલ કોમી એકતાના પ્રતીક સૈયદી મુસનજીબિન તાજ સાહેબના ૪૬રમા ઉર્સ શરીફ નિમિત્તે મગરેબની નમાઝ બાદ શ્રદ્ધા અને આસ્થાપૂર્વક સંદલ શરીફની ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે વડોદરા શહેર અને જિલ્લાના ઉપરાંત દેશના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં દાઉદી વ્હોરા સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને અકીદત સાથે હાજરી આપી હતી.અંતમાં વિશેષ દુઆ કરવામાં આવી હતી કે ભારત દેશમાં તમામ ધર્મ અને જાતિના લોકો પોતાના તહેવારો કોમી એકતા, ભાઈચારા અને પરસ્પર સદભાવ સાથે ઉજવે તેમજ ભારત દેશનું નામ સમગ્ર વિશ્વ માં ગૌરવપૂર્વક ઊંચું રહે. આ પ્રસંગે દાઉદી વ્હોરા સમાજના અગ્રણી અઝીઝભાઈ કેમ્પવાળા તથા શબ્બીરભાઈ કેમ્પવાળા સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા . કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહેમાનો અને સમાજજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

વડોદરામાં 'કેચ ધ રેન' અભિયાન વેગવાન

સોસાયટીઓમાં વરસાદી પાણી સંગ્રહવા હિન્દુ ફાઉન્ડેશનની મોટી પહેલ

ડો. વિજય શાહના હસ્તે ખાતમુહૂર્ત; રૂ. ૬૦ હજારની સબસિડી સાથે શરૂ થયેલા પ્રોજેક્ટથી લોકોને ક્ષારમુક્ત મીઠું પાણી મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

વરસાદી પાણીના સદુપયોગ અને ભૂગર્ભ જળસ્તરને ઊંચા લાવવાના આશય સાથે વડોદરાના વાસણા-ભાયલી રોડ સ્થિત શ્યામલ પાર્ક કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી ખાતે રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. હિન્દુ ફાઉન્ડેશન અને અમી લાઈફ સાયન્સીસના સંયુક્ત ઉપક્રમે શરૂ કરાયેલા આ પ્રોજેક્ટથી સોસાયટીના અંદાજે ૫૫૦થી વધુ પરિવારોને સીધો લાભ મળશે. પ્રારંભિક તબક્કામાં સાત ટાવરથી શરૂ કરીને આગામી સમયમાં સોસાયટીના તમામ ૨૦ ટાવરોને આ જળ સંચય અભિયાન અંતર્ગત આવરી લ